# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-04-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી મોદી- અમેરિકાના ઉપરાષ્ટ્રપતિની મુલાકાત

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ ગઇકાલે સાંજે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા. આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ ફેબ્રુઆરીમાં વોશિંગ્ટનની લીધેલી મુલાકાત અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથેની તેમની મહત્વપૂર્ણ ચર્ચાઓને યાદ કરી. પ્રધાનમંત્રી મોદી અને ઉપરાષ્ટ્રપતિ વેન્સ દ્વિપક્ષીય સહયોગના વિવિધ ક્ષેત્રોમાં પ્રગતિની સમીક્ષા કરી અને તેનું સકારાત્મક મૂલ્યાંકન કર્યું. બેઠક દરમિયાન, બંને નેતાઓએ ભારત-અમેરિકા દ્વિપક્ષીય વેપાર કરારમાં પ્રગતિનું સ્વાગત કર્યું. તેમણે ઊર્જા, સંરક્ષણ, વ્યૂહાત્મક ટેકનોલોજી અને અન્ય ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે ચાલી રહેલા પ્રયાસોની પણ નોંધ લીધી. બંને નેતાઓએ પરસ્પર હિતના વિવિધ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું અને આગળ વધવા માટે સંવાદ અને રાજદ્વારી અભિગમ અપનાવવા હાકલ કરી. શ્રી વાન્સ સાથે તેમના પત્ની ઉષા વેન્સ, તેમના બાળકો અને અમેરિકાના વરિષ્ઠ અધિકારીઓ પણ હતા. પ્રધાનમંત્રીએ ઉપરાષ્ટ્રપતિ માટે રાત્રિભોજનનું પણ આયોજન કર્યું હતું.

**-----------------------------------------------------------------------------------------**

## પ્રધાનમંત્રી મોદીની સાઉદી અરેબિયાની મુલાકાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસની સાઉદી અરેબિયાની મુલાકાતે જશે. શ્રી મોદીની સાઉદી અરેબિયાની આ ત્રીજી સત્તાવાર મુલાકાત હશે. અગાઉ તેમણે 2016 અને 2019 માં મુલાકાત લીધી હતી.

આ મુલાકાત ભારત માટે સાઉદી અરેબિયાના વ્યૂહાત્મક મહત્વને પ્રતિબિંબિત કરે છે. સાઉદી અરેબિયા ભારતની ઉર્જા સુરક્ષા માટે મહત્વપૂર્ણ છે અને વિશ્વના સૌથી મોટા ભારતીય પ્રવાસી સમુદાયોમાંનું એક છે. તે વિશ્વમાં બીજા ક્રમની સૌથી મોટી ભારતીય વિદેશી વસ્તી માનવામાં આવે છે. ઇસ્લામિક વિશ્વમાં સાઉદી અરેબિયાની મુખ્ય ભૂમિકા અને પ્રાદેશિક વિકાસમાં તેની વધતી જતી સંડોવણી આ રાજદ્વારી મુલાકાતને વધુ મહત્વપૂર્ણ બનાવે છે. આ મુલાકાત બંને દેશો વચ્ચે પહેલાથી જ મજબૂત સંબંધોને વધુ ગાઢ બનાવવાની તક પૂરી પાડશે.

-----------------------------------------------------------------------------------------

## પોપ ફ્રાન્સિસનું અવસાન

રોમન કેથોલિક ચર્ચના ધર્મગુરૂ પોપ ફ્રાન્સિસનું ગઇકાલે વેટિકન સિટીમાં અવસાન થયું. તેઓ ૮૮ વર્ષના હતા. ભારત સરકારે સ્વર્ગસ્થ પોપ ફ્રાન્સિસના સન્માનમાં ત્રણ દિવસના રાજ્ય શોકની જાહેરાત કરી છે. આજે અને કાલે બે દિવસનો રાજ્ય શોક રહેશે જ્યારે અંતિમ સંસ્કારના દિવસે પણ રાજ્ય શોક રહેશે. દેશભરમાં રાજ્ય શોક દરમિયાન, તમામ ઇમારતો પર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકશે અને કોઈ સત્તાવાર મનોરંજન કાર્યક્રમો યોજાશે નહીં.

પોપ ફ્રાન્સિસના નિધન પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત વિશ્વભરના નેતાઓએ શ્રદ્ધાંજલિ આપી છે.

-----------------------------------------------------------------------------------------

## જમ્મુ-કાશ્મીર: ભુસ્ખલનમાં ગુજરાતીઓ સલામત

જમ્મુ-કાશ્મીરના રામબન જિલ્લામાં આવેલા ભૂસ્ખલનના કારણે ફસાયેલા તમામ ગુજરાતીઓને સલામત રીતે પરત લાવવા રાજ્ય સરકારે પ્રયાસ હાથ ધર્યા છે,તેમ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે. જામનગરમાં આ અંગે માહિતી આપતા તેમણે કહ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જમ્મુ-કાશ્મીર સરકાર સાથે વાતચીત કરી ગુજરાતીઓને સલામત સ્થળે ખસેડવાની વ્યવસ્થા કરી છે.

---

## ચણા-રાયડાની ટેકાના ભાવે ખરીદી

રાજ્યમાં 179 ખરીદ કેન્દ્ર પરથી ચણા અને 87 ખરીદ કેન્દ્ર પરથી રાયડાની ટેકાના ભાવે ખરીદીનો ગઇકાલથી પ્રારંભ થયો છે.

ગાંધીનગરથી આ ખરીદીનો વર્ચ્યૂઅલ પ્રારંભ કરાવતાં કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું, આ વખતે ખેડૂતો પાસેથી એક હજાર 903 કરોડ રૂપિયાની કિંમતનો ત્રણ લાખ 36 હજાર મૅટ્રિક ટન ચણાની અને 767 કરોડ રૂપિયાની કિંમતના એક લાખ 29 હજાર મૅટ્રિક ટન રાયડાની ખરીદી કરાશે. તેમણે કહ્યું, ટેકાના ભાવે ચણાના વેચાણ માટે ત્રણ લાખ 36 હજારથી વધુ ખેડૂતો અને રાયડાના વેચાણ માટે એક લાખ 18 હજારથી વધુ ખેડૂતોએ ઑનલાઈન નોંધણી કરાવી છે.

---

## મોરબી મચ્છુનો દરવાજો ખોલાયો

મોરબીના મચ્છુ ત્રણ બંધનો એક દરવાજો એક ફૂટ ખોલાતા મોરબી અને માળિયા તાલુકાના 21 ગામને ચેતવણી આપવામાં આવી છે. મોરબીના અમારા પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે, મચ્છુ ત્રણ બંધ સંપૂર્ણ ભરાઈ ગયો છે. તેથી વધારાનું પાણી નદીમાં છોડવાની જરૂરિયાતને લઈ ગઇકાલે આ દરવાજો ખોલવો પડ્યો હતો. જેના પગલે ગોર ખીજડિયા વનાળિયા, માનસર, નારણકા, નવા , સાદુળકા, જુના સાદુળકા, રવાપર, ગૂંગણ સહિત 21 ગામને સાવચેત રહેવા સૂચના અપાઈ છે અને ગ્રામજનોને નદીના પટમાં અવરજવર ન કરવા પણ જણાવાયું છે.

---

## આઇપીએલ ક્રિકેટ મેચ

ગુજરાત ટાઇટન્સ ટીમે કોલકતા નાઈટ રાઇડર્સ ને 39 રને હરાવી પોઇન્ટ ટેબલમાં મોખરાનું સ્થાન જાળવી રાખ્યું છે. કોલકતાનાં ઇડન ગાર્ડન પરની મેચમાં ગુજરાતની ટીમે 3

વિકેટનાં ભોગે 198 રન  કર્યા હતા જેમાં સુકાની શુભમન ગિલનાં 90 સાઇ સુદર્શનનાં 52 અને જોસ  બટલરનાં 41 રન મુખ્ય હતા. જવાબમાં કોલકતાની ટીમ 8 વિકેટ ગુમાવી 159 રન  કરી શકી હતી. ગુજરાતની ટીમે અત્યાર સુધીની 8 મેચમાંથી 6  મેચ જીતી 12 પોઇન્ટ સાથે ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે.

---------------------------------------------------------------------------------------------------------